# રીબેટ લેવા 1 એપ્રિલે જ 5,883 કરદાતાએ વેરો ભર્યો

**31મીની** રાત્રે બારના ટકોરે 5 જ મિનિટમાં પ્રથમ દસ કરદાતાઓએ વેરો ભરી દીધો

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા કાર્યરત 10 ટકા ટેક્સ રીબેટ યોજનાનો શહેરીજનોએ પહેલા જ દિવસે બહોળો લાભ લીધો છે. 31મી માર્ચની મધરાતથી એટલે કે રાત્રે 12 વાગ્યેથી 1 એપ્રિલની સાંજ સુધીમાં કુલ 5883 ટેક્સપેયરોએ ટેક્સ ભરીને આ યોજનાનો લાભ લીધો હતો. આંકડાકીય વિગત મુજબ, ઓફલાઈન માધ્યમથી 4.74 કરોડ રૂપિયાની વસૂલાત થઈ છે, જ્યારે ઓનલાઈન અને ઓફલાઈન બંને માધ્યમો મળીને કુલ 5.80 કરોડની આવક મનપાની તિજોરીમાં થઈ છે.

ટેક્સ ભરવાની આ પ્રક્રિયામાં કુલ 5883 જેટલા ટેનામેન્ટ ધારકોએ સક્રિયતા દાખવીને પાલિકાના વેરા વિભાગમાં પોતાના વેરાની ચુકવણી કરી દીધી છે. એડવાન્સ ટેક્સ ભરનારા આ તમામ કરદાતાઓને નિયમ મુજબ 10 ટકા રીબેટનો સીધો ફાયદો મળ્યો છે, જેના ફળસ્વરૂપે નાગરિકોએ કુલ 25.76 લાખ રૂપિયા જેટલી માતબર રકમની રીબેટનો લાભ મેળવ્યો છે. પાલિકા દ્વારા ડિજિટલ ટ્રાન્ઝેક્શનને પ્રોત્સાહન આપવામાં આવતા મોટી સંખ્યામાં લોકોએ ઘરે બેઠા ઓનલાઈન પેમેન્ટ કરીને પણ આ યોજનાનો લાભ લીધો હતો.

**રાત્રે 12 વાગ્યે જ ટેક્સ ભરનારા પ્રથમ 10 કરદાતા**

રૂપાલીબેન અશોક સાલી અને અશોક નામદેવ સાલી, દિવ્યેશ હસમુખલાલ મવાવાલા, દીપક પ્રવિણચંદ્ર પરમાર, દિવ્યેશ હસમુખલાલ મવાવાલા, દિવ્યેશ હસમુખલાલ મવાવાલા, હરિશ્ચંદ્ર અને ધનગૌરીબેન ચીમનલાલ ગાંધી, દિવ્યેશ હસમુખ મવાવાલા, ચંદ્રકાંત ચીમનલાલ ખત્રી, કિરણકુમાર રમણલાલ ગજ્જર, પરેશકુમાર રમણલાલ ગજ્જર

# યુદ્ધને લઈ સુરતના વિવિંગ ઉદ્યોગને મોટું પેકેજ, 1002 કરોડની સબસિડી રિલીઝ

**2019ની** ટેક્સટાઈલ પોલિસી અને 2022ની આત્મનિર્ભર યોજનાની પેન્ડિંગ ફાઈલો ક્લિયર

**4500થી** વધુ ફાઈલોના નિકાલથી ઉદ્યોગકારોમાં રાહતની લાગણી

સુરત : મધ્યપૂર્વમાં ચાલી રહેલી યુદ્ધની પરિસ્થિતિને કારણે મંદીમાં સપડાયેલા સુરતના વિવિંગ ઉદ્યોગ માટે રાજ્ય સરકાર તરફથી મોટી રાહતની જાહેરાત કરવામાં આવી છે. વર્ષ 2019થી 2022 દરમ્યાન ટેક્સટાઈલ ઉદ્યોગને લગતી વિવિધ સબસિડી યોજનાઓ હેઠળ અટકેલી પેન્ડિંગ ફાઈલોનો નિકાલ કરીને કુલ રૂપિયા 1002 કરોડની સબસિડી રિલીઝ કરવામાં આવી છે.

રાજ્ય સરકાર દ્વારા 2019ની ટેક્સટાઈલ પોલિસી અંતર્ગત સુરતના વિવરો દ્વારા સ્થાપિત આધુનિક મશીનરી અને નવા યુનિટ માટે મળવાની બાકી સબસિડીમાંથી રૂપિયા 840 કરોડ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર (DIC)ને ચૂકવવામાં આવ્યા છે. આ સાથે લગભગ 4500 જેટલી પેન્ડિંગ ફાઈલો ક્લિયર કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

કોવિડ સમયની આત્મનિર્ભર યોજનાનો પણ નિકાલ વર્ષ 2022 દરમિયાન કોરોના કાળમાં શરૂ કરાયેલી આત્મનિર્ભર ભારત યોજનાની પેન્ડિંગ સબસિડી ફાઈલોમાંથી પણ હવે નિકાલ કરવામાં આવ્યો છે. MSME એકમોને કુલ રૂપિયા 162 કરોડની સબસિડી રિલીઝ કરવામાં આવી છે. લાંબા સમયથી રાહ જોતા ઉદ્યોગકારો માટે આ પગલું ખૂબ જ રાહતરૂપ બન્યું છે.

2019ની ટેક્સટાઈલ પોલિસી હેઠળ નવા સ્થાપિત એકમોને વ્યાજ સબસિડી સાથે વીજ સબસિડીનો પણ લાભ આપવામાં આવે છે. લો ટેન્શન (LT) લાઈન માટે પ્રતિ યુનિટ રૂપિયા 2 અને હાઈ ટેન્શન (HT) માટે પ્રતિ યુનિટ રૂપિયા 3 સબસિડી આપવામાં આવશે, જે ઉદ્યોગના ઓપરેશનલ ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો લાવશે.



**યુદ્ધના કારણે અસરગ્રસ્ત બજારમાં જીવંતતા આવશે**

મિડલ ઈસ્ટમાં ચાલતા યુદ્ધના કારણે સુરતના કાપડ ઉદ્યોગના નિકાસ ઓર્ડરોમાં ઘટાડો થયો હતો, જેના પરિણામે વિવિંગ ઉદ્યોગ મંદીમાં સપડાયો હતો. આવી પરિસ્થિતિમાં સરકાર દ્વારા કુલ રૂપિયા 1002 કરોડની સબસિડી રિલીઝ કરવાથી ઉદ્યોગમાં નવી જીવંતતા આવવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. ઉદ્યોગકારોના મતે, આ નાણાકીય સહાયથી કેશ ફ્લો સુધરશે, ઉત્પાદન ફરી ગતિ પકડશે અને રોજગારી પર પડેલો પ્રભાવ પણ ઘટાડવામાં મદદ મળશે.

# જે.એચ.બી. સરદાર સ્કૂલે ફી મુદ્દે વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસવા દીધા નહીં

**બેંકિંગ** ફેરફારને કારણે કેટલાક વિદ્યાર્થીઓ પરીક્ષા હોલથી દૂર રહ્યા, જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા તપાસના આદેશ

**પ્રાથમિક** રીતે મામલો પ્રક્રિયાગત ગડબડનો, છતાં તપાસ પૂર્ણ થયા બાદ જ સ્પષ્ટતા થશે

સુરત : અડાજણ વિસ્તારમાં આવેલી જે.એચ.બી. સરદાર સ્કૂલમાં ફી જમા કરવાની પ્રક્રિયામાં થયેલા ટેક્નિકલ ફેરફારોને કારણે કેટલાક વિદ્યાર્થીઓ સમયસર ફી ભરવામાંથી વંચિત રહ્યા હતા, જેના પરિણામે તેઓને પરીક્ષા હોલમાં પ્રવેશ આપવામાં આવ્યો નહોતો.

શાળા દ્વારા અગાઉની બેંક વ્યવસ્થામાં ફેરફાર કરીને નવી બેંકમાં ફી જમા કરવાની વ્યવસ્થા અમલમાં મૂકી હતી. આ બદલાવને કારણે કેટલાક વાલીઓની ફી સમયસર જમા થઈ શકી નહોતી. પરિણામે, સંબંધિત વિદ્યાર્થીઓને પરીક્ષા દરમિયાન અલગ બેસાડવા અથવા બહાર રાખવાની સ્થિતિ સર્જાઈ હતી. આ ઘટનાને લઈને વાલીઓમાં અસંતોષ જોવા મળ્યો છે. તેઓએ રજૂઆત કરી હતી કે ફી સંબંધિત મુદ્દાઓનું નિરાકરણ અલગથી કરવું જોઈએ અને વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતને પ્રાથમિકતા આપવી જરૂરી છે. આ સમગ્ર મામલે જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા નોંધ લઈ તપાસના આદેશ આપવામાં આવ્યા છે. પ્રાથમિક રીતે મામલો પ્રક્રિયાગત ગડબડનો હોવાનું માનવામાં આવી રહ્યું છે, છતાં તપાસ પૂર્ણ થયા બાદ જ સ્પષ્ટતા થશે. અધિકારીઓએ પણ ખાતરી આપી છે કે જો કોઈ અનિયમિતતા સામે આવશે તો નિયમો મુજબ કાર્યવાહી કરાશે.

# લિંબાયત અગ્નિકાંડમાં પાંચનાં મોત બાદ હવે મનપાનો સરવે

**રહેણાક** વિસ્તારોમાં ધમધમતાં જોખમી ગોડાઉનો શોધવા કવાયત

સુરતઃ સુરતના લિંબાયત વિસ્તારમાં મીઠીખાડી પાસે આવેલી બેઠી કોલોનીમાં ગઈકાલે લાગેલી ભીષણ આગમાં એક જ પરિવારના પાંચ સભ્યોના કરુણ મોત નીપજતા સમગ્ર શહેરમાં અરેરાટી વ્યાપી ગઈ છે. આ હૃદયદ્રાવક દુર્ઘટના બાદ ઊંઘતું ઝડપાયેલું મનપા તંત્ર આખરે સફાળું જાગ્યું છે અને રહેણાંક વિસ્તારોમાં ગેરકાયદે રીતે ચાલતા જોખમી ગોડાઉનો સામે લાલ આંખ કરી છે. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, ત્રણ માળના રહેણાંક મકાનમાં રસોઈ બનાવતી વખતે લાગેલી આગ જ્વલનશીલ પદાર્થો અને સાડીઓના મોટા જથ્થાને કારણે અત્યંત વિકરાળ બની હતી. આ ઘટના બાદ લિંબાયત ઝોન દ્વારા તાત્કાલિક અસરથી રહેણાંક વિસ્તારોમાં આવેલા જોખમી ગોડાઉનોના સરવેની કવાયત શરૂ કરવામાં આવી છે.

મનપાની વર્ષો જૂની બેદરકારીને કારણે શહેરના અનેક ગીચ રહેણાંક વિસ્તારોમાં હાલ જીવતા બોમ્બ સમાન ગોડાઉનો ધમધમી રહ્યા છે. ઘટનાએ સાબિત કરી દીધું છે કે રહેણાંક મકાનોમાં વેપારી હેતુ માટે જોખમી સામાનનો સંગ્રહ કરવો કેટલો ઘાતક સાબિત થઈ શકે છે. અત્યારે માત્ર લિંબાયત ઝોન પૂરતી સરવેની કામગીરી શરૂ કરાઈ છે, પરંતુ શહેરના અન્ય ઝોન જેવા કે વરાછા, કતારગામ અને સેન્ટ્રલ ઝોનમાં પણ આવી જ પરિસ્થિતિ હોવાથી ત્યાં પણ સઘન તપાસ કરવાની માંગ ઉઠી રહી છે. જો તંત્ર આવા મિલકતદારો વિરુદ્ધ કડક હાથે કામગીરી નહીં કરે, તો ભવિષ્યમાં આવી દુર્ઘટનાઓનું પુનરાવર્તન થવાની ભીતિ સેવાઈ રહી છે.

# ભાજપ વિરુદ્ધ 'પોસ્ટર વોર'માં ઉત્રાણમાં પાંચમો ગુનો નોંધાયો

**ભાજપની** છબી ખરડવા બદલ કિરીટ પાનસુરિયા ઉર્ફે 'કેપી' સહિત ચાર સામે ગુનો દાખલ

સુરત : છેલ્લા કેટલાક દિવસોથી ભાજપને નિશાન બનાવીને કરવામાં આવી રહેલા પોસ્ટર વોરમાં ગતરોજ ઉત્રાણ પોલીસ મથકમાં કિરીટ પાનસુરિયા ઉર્ફે કેપી અને તેના સાગરીતો વિરુદ્ધ પાંચમો ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

ગત ૨૯ માર્ચ ૨૦૨૬ની મધ્યરાત્રિએ અંદાજે ૧:૦૦ વાગ્યાના અરસામાં કેટલાક શખ્સોએ શહેરના ઓવરબ્રિજ, ટ્રાફિક સર્કલ અને મનપાના શૌચાલયોની દીવાલો પર ભાજપ વિરોધી પોસ્ટરો ચોંટાડ્યા હતા. આ પોસ્ટરોમાં પક્ષની છબી ખરડાય તેવી ખોટી હકીકતો દર્શાવવામાં આવી હતી.

અમરોલીના સૂર્યનગર ખાતે રહેતા સંજય શાંતિલાલ રાધવાણીએ ઉત્રાણ પોલીસમાં ફરિયાદ આપી છે. જેમાં જણાવાયું છે કે, સરદાર નગર હાઉસિંગ બોર્ડમાં રહેતા કિરીટ પાનસુરિયા ઉર્ફે કેપી અને અન્ય ત્રણ અજાણ્યા ઈસમોએ આ કૃત્ય આચર્યું છે. ઉત્રાણ પોલીસે સંજય રાધવાણીની ફરિયાદને આધારે કિરીટ પાનસુરિયા સહિત ચાર શખ્સો સામે બનાવટી દસ્તાવેજ ઉભા કરવા અને પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવા બદલ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**ભાજપના ઈશારે આપના કાર્યકરો પર 45 FIR કરાઈ: આપના મનોજ સોરઠિયા**

સુરતઃ સુરતમાં આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ આજરોજ એક પત્રકાર પરિષદને સંબોધન કરતા જણાવ્યું હતું કે, ગુજરાતની જનતાની વચ્ચે 45 જેટલી એફઆઈઆરની એક લિસ્ટ છે. આ તમામ એફઆઈઆર એવી છે કે જે આમ આદમી પાર્ટીના કાર્યકરો ઉપર અને નેતાઓ ઉપર છેલ્લા લગભગ થોડા મહિનાઓમાં કરવામાં આવી છે. આમ આદમી પાર્ટીના કાર્યકરોને આખી રાત પોલીસ સ્ટેશનમાં બેસાડી રાખવાનું કામ કરવામાં આવે છે.. મનોજ સોરઠીયાએ વધુમાં જણાવ્યું છે કે, હાલમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ જાહેર થતાં જ આપ એક્શન મોડમાં આવી ગયું છે. અને આ વખતે ભાજપને હરાવવા માટે આપ તૈયાર છે.

## બે બાળાને ખોળામાં બેસાડી જાતીય સતામણી કરનાર વિકૃત આરોપીને દસ વર્ષની સજા

સુરત : ભેસ્તાન વિસ્તારમાં બે માસુમ બહેનને ખોળામાં બેસાડી જાતીય સતામણી કરનાર આરોપી મોહમદ નાજીર મોહમદ સગીર અંસારીને પોક્સો કોર્ટે દસ વર્ષની કેદની સજા અને ૮૦ હજારનો દંડ ફટકાર્યો હતો. આ કેસની હકીકત મુજબ તા.૦૨/૦૧/૨૦૨૫ના રોજ ફરિયાદીની આઠ વર્ષની દિકરી અને ભાઈની છ વર્ષની દિકરીને આરોપી મોહમદ નાજીર મોહમદ સગીર અંસારીએ ખોળામાં બેસાડી ખરાબ રીતે શારિરીક અડપલાં કરતો હતો. આ અંગે સીસીટીવી ફૂટેજમાં આરોપીની હરકતો કેદ થઈ હતી. આ કેસની સુનાવણી સ્પેશિયલ પોક્સો કોર્ટમાં ચાલી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ દિપેશ દવે કેસ પુરવાર કરવામાં સફળ થતાં કોર્ટનાં જજ ભાવેશ કે અવાશિયાએ આરોપી મોહમદ નાજીર મોહમદ સગીર અંસારીને દસ વર્ષની સજા અને દંડ ફટકાર્યો હતો.

## દુબઈના વેપારીના રૂ. ૧૦.૪૭ કરોડના હીરા ચાઉં

સુરતઃ મૂળ સુરતના અને છેલ્લા ૧૩ વર્ષથી દુબઈના મરીના વિસ્તારમાં રહી હીરાનો વ્યવસાય કરતાં રાહુલભાઈ મનુભાઈ માંગુકીયાને આરોપી દીપક ગણેશ મોરડીયા, તેની પત્ની રિકલબેન, પિતા ગણેશ મોરડીયા અને કેતન મોરડીયાએ પોતાની પેઢી 'વર્ણીરાજ એન્ટરપ્રાઈઝ' પ્રતિષ્ઠિત હોવાનું કહી જૂન ૨૦૨૪થી ઓક્ટોબર ૨૦૨૪ દરમિયાન પાંચ બિલ મારફતે કુલ ૧૪,૪૩૩.૯૮ કેરેટ કાચા હીરા ખરીદ્યા હતા, જેની કિંમત આશરે રૂ. ૧૭.૮૪ કરોડ જેટલી થતી હતી. જોકે, પેમેન્ટનો સમય આવતા જ મોરડીયા પરિવારે બહાનાબાજી શરૂ કરી હતી. સમાધાનમાં આરોપીઓએ ૭.૪૪ કરોડની કિંમતના હીરા, મશીનરી અને સામાન પરત આપ્યો હતો. પરંતુ, હજુ પણ ૧૦.૪૭ કરોડથી વધુની રકમ બાકી નીકળતી હોવા છતાં તે ન ચૂકવી છેતરપિંડી આચરી હતી. આખરે વરાછા પોલીસે તમામ સામે ગુનો નોંધ્યો હતો.

**સુરત પોલીસના ઈતિહાસમાં પહેલીવાર**

# વડોદરા, આણંદ અને સુરત ગ્રામ્યના Dy.SPને સુરત ડિવિઝનનો ચાર્જ

**આટલા** દૂરથી ચાર્જ સોંપ્યા પછી પણ સુરતમાં એમ અને એન ડિવિઝન હજુ એસીપી વગરનાં

સુરતઃ સામાન્ય સંજોગોમાં કોઇ અધિકારીની બદલી થાય અને એ જગ્યાએ નવી નિમણૂક ન થાય તો બાજુના ડિવિઝનને તેનો ચાર્જ સોંપવામાં આવે છે. જેમ કે, એસીપી એ ડિવિઝનની જગ્યા ખાલી હોય તો બી ડિવિઝનના એસીપીને ચાર્જ સોંપવામાં આવે છે. પણ, સુરત શહેર પોલીસના ઇતિહાસમાં પ્રથમ વખત એવું બન્યું છે કે મદદનીશ પોલીસ કમિશનર સી, કે અને એલ ડિવિઝનનો ચાર્જ અનુક્રમે સુરત ગ્રામ્ય, વડોદરા અને આણંદના ડીવાય.એસ.પી.ને સોંપવામાં આવ્યો છે. આટલે દૂરથી ચાર્જ સોંપ્યા પછી પણ એસીપી એમ અને એન ડિવિઝન મદદનીશ પોલીસ કમિશનર વગરના રહી ગયા તે રહી જ ગયા. હવે બદલી થવાની શક્યતા ઓછી હોવાથી આ બંને ડિવિઝન ચૂંટણી વખતે પણ ખાલી રહે તો ના નહીં.

રાજ્યના ગૃહ વિભાગે ડીવાય. એસ.પી. 102026-811-બી નંબરથી જારી કરેલા નોટિફિકેશન મુજબ સુરત શહેર પોલીસના એસીપી સી ડિવિઝનનો ચાર્જ સુરત ગ્રામ્ય પોલીસમાં એસટીએસસી સેલના ડીવાય.એસ.પી. તરીકે ફરજ બજાવતા ચિરાગ વાડડોરિયાને સોંપવામાં આવ્યો હતો. આ રીતે પણ ભૂતકાળમાં ક્યારેય ચાર્જ સોંપાયો હોય તેવું બન્યું નથી. આમ છતાં આ ચાર્જ તો હજુ પણ ગળે ઊતરે તેવો છે કે તેની ઓફિસ સુરતમાં જ હોવાથી તે સી ડિવિઝનની ઓફિસે જઈ શકે. પણ, એસીપી કે ડિવિઝનનો ચાર્જ વડોદરા ગ્રામ્યમાં એસટીએસસી સેલના ડીવાય.એસ.પી. તરીકે ફરજ બજાવતા મિલન મોદીને તેમજ એસીપી એલ ડિવિઝનનો ચાર્જ આણંદમાં એસટીએસસી સેલના ડીવાય.એસ.પી. તરીકે ફરજ બજાવતા પાર્થ ચોવટિયાને સોંપવામાં આવ્યો છે.

એલ ડિવિઝનમાં કોઇ માથાકૂટ થઈ અને એસીપીની જરૂર પડી તો તે ત્વરિત ગતિએ પહોંચી શકે નહીં એ સ્વાભાવિક છે. કારણ કે, એક વડોદરા ગ્રામ્યમાં અને બીજા આણંદ ફરજ બજાવે છે. ત્યાંથી સુરત પહોંચવામાં સમય લાગે એ પણ સ્વાભાવિક છે. હજુ પણ એસીપી એમ અને એન ડિવિઝનની જગ્યા ખાલી રહી છે.

# મિત્રની પત્ની પર નજર બગાડી નરાધમે દુષ્કર્મ આચર્યું

**'બહારનું** જમવાનું ફાવતું નથી' કહી ઘરે આવતા મિત્રએ હદ વટાવી

સુરતઃ લાલગેટ વિસ્તારમાં રહેતા એક શ્રમિક પરિવારમાં મિત્રએ જ મિત્રની પત્નીની આબરૂ લૂંટી હોવાની સનસનાટીભરી ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે. હવસખોર યુવકે પરિણીતાની એકલતાનો લાભ ઉઠાવી તેના પર બળાત્કાર ગુજાર્યો હતો. એટલું જ નહીં, આ બાબતે કોઈને જાણ કરશે તો પતિ અને બંને માસૂમ દીકરીને પતાવી દેવાની ધમકી આપી લાંબા સમય સુધી શારીરિક શોષણ કર્યું હતું.

મૂળ પશ્ચિમ બંગાળની વતની અને હાલ લાલગેટ વિસ્તારમાં રહેતી પરિણીતાએ નાઝીમ નુર આલમ શેખ (રહે., નાગોરીવાડ, સૈયદપુરા) ની પરણિતાનો પતિ જ્યારે સુરતમાં એકલો મજૂરી કરતો હતો ત્યારે દોસ્તી થઈ હતી. બંને એક જ રૂમમાં સાથે રહેતા હતા. બાદમાં પરિણીતા પણ સુરત રહેવા આવી જતાં પતિએ અલગ રૂમ ભાડે રાખ્યો હતો. જોકે, મિત્રતાના નામે નાઝીમે પરિણીતાના પતિને વિશ્વાસમાં લીધો હતો કે તેને બહારનું ખાવાનું ફાવતું નથી, જેથી તે તેમના ઘરે જમવા આવશે અને માસિક ખર્ચ પેટે રકમ ચૂકવી દેશે. ગત ફેબ્રુઆરી ૨૦૨૬માં પરિણીતા ઘરે એકલી હતી ત્યારે નાઝીમ જમવાના બહાને ઘરે આવ્યો હતો. તેણે મહિલાની એકલતા જોઈ પશુતા દાખવી હતી. પરણિતાએ પ્રતિકાર કરતાં નાઝીમે તેના પતિ અને બંને દીકરીની હત્યા કરી નાંખવાની ધમકી આપી દુષ્કર્મ આચર્યું હતું. આ ઘટના બાદ પણ વારંવાર ડરાવી-ધમકાવીને મહિલાનું શોષણ કરતો રહ્યો હતો. આખરે પરિણીતાએ પતિને આપવીતિ જણાવતા મામલો પોલીસમથકે પહોંચ્યો હતો. લાલગેટ પોલીસે નાઝીમ વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરવાની તજવીજ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ઓલપાડ સાંઈનાથ ધામ ટ્રસ્ટ સારોલી દ્વારા આજે 23મો પાટોત્સવ

સુરત : સાંઈનાથ પાવન ધામ ટ્રસ્ટ સારોલી (સુરત- ઓલપાડ રોડ) ખાતે ૨૩ મો પાટોત્સવ સાલગીરી મહોત્સવ ગુરુવારે રાખવામાં આવ્યો છે. આ પવિત્ર અવસરે ગણેશજી, સાંઈબાબા, શિવ પરિવાર, જગત જનની માં જગદંબા, સરસ્વતી માતાજી, જલારામ બાપા, હનુમાનજી યોગેશવર ભગવાન, દત્તાત્રેય ભગવાન, રામ પરિવારનો ગુરુવારે તા. ૨-૪-૨૬ ના શુભદિને સવારે ૫.૦૦ કલાકે કેશર પંચામૃત સ્નાન, આરતી પછી સાંજે 5 કલાકે મહાપ્રસાદ ત્યારબાદ ચંદુભાઈ બુડીયા તથા સાથી કલાકારોનો ડાયરો રાખવામાં આવ્યો છે. આ પવિત્ર અવસરે ભાવિક ભક્તોને પધારવા ભાવભર્યું આમંત્રણ આપવામાં આવ્યું છે.

### સુરતની મૂક-બધિર શાળાના વિદ્યાર્થીએ રીલે દોડમાં ગોલ્ડમેડલ મેળવ્યો



સુરતઃ સ્પે.મૂક-બધિર બાળકો માટે 10મી રાષ્ટ્રીય કક્ષાની એથ્લેટિક્સ સ્પર્ધાનું આયોજન અમદાવાદ ખાતે તારીખ- 21-22 માર્ચ 2026ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં 24 રાજયના સ્પે.મૂક-બધિર બાળકોએ ભાગ લીધો હતો. જેમાં અઠવાલાઇન્સ પાસે આવેલી મૂક-બધિર શાળા સુરતના ખેલાડી વિકાસ સાહુએ ગુજરાત રાજય એથ્લેટીક્શ ટીમમાં સ્થાન મેળવી 4×400 રીલે દોડમાં ગોલ્ડમેડલ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. તેને તાલીમ આપનાર કોચ નિલમભાઇ પી.ટંડેલે ગ્રાઉન્ડ પર હાજર રહી બાળકોને યોગ્ય માર્ગદર્શન તેમજ પ્રોત્સાહન પુરું પાડયું હતું. આ સિદ્ધિ બદલ શાળાના મંત્રી, ટ્રસ્ટીગણ, આચાર્યા અને શાળાના શિક્ષકોએ અભિનંદન આપ્યા હતા.

### કોળી પટેલ સમાજના નિલેશ પટેલ Ph.D. થયા

સુરતઃ સુરત નિવાસી અને કોળી પટેલ સમાજના ડો. નિલેશકુમાર નટવરભાઈ પટેલે 'Design, Development and Experimental Analysis on Micro Mixing for Gas Turbine Combustion Chamber Using Hydrogen as Fuel' પર ડો. ગૌરાંગ કુમાર સી. ચૌધરી અને ડો. દિગ્વિજય બી. કુલશ્રેષ્ઠના માર્ગદર્શન હેઠળ કરેલા શોધનિબંધને માન્ય રાખીને જીટીયુ દ્વારા મિકેનિકલ એન્જિનિયરિંગમાં પીએચ.ડી.ની પદવી આપવામાં આવી છે.

### ઉધનામાં તેરાપંથ ભવનના કોન્ફરન્સ હોલનું ઉદઘાટન સાથે તેરાપંથ-મેરાપંથ કાર્યશાળા યોજાઈ

સુરતઃ શ્રી જૈન શ્વેતાંબર તેરાપંથી સભા દ્વારા તેરાપંથ ભવન, ઉધના ખાતે નવનિર્મિત કોન્ફરન્સ હોલનો ઉદ્ઘાટન સમારોહ આયોજિત કરવામાં આવ્યો હતો.લુધિયાણાનાં તેરાપંથ ઉપાસક શ્રેણીના રાષ્ટ્રીય સંયોજક સૂર્યપ્રકાશજી શામસુખાએ નમસ્કાર મહામંત્રના મંગલ ઉચ્ચારણ સાથે કોન્ફરન્સ હોલનું ઉદ્ઘાટન કર્યું હતું. આ કાર્યશાળાના સંચાલિકા શ્રીમતી કુમુદ કચ્છારા છે, જેઓ અખિલ ભારતીય તેરાપંથ મહિલા મંડળના પૂર્વ અધ્યક્ષા અને 'બેટી તેરાપંથ કી' પ્રોજેક્ટના રાષ્ટ્રીય સંયોજિકા છે. તેરાપંથી સભા, ઉધનાના અધ્યક્ષ નિર્મલજી ચપલોતે સ્વાગત પ્રવચન કર્યું હતું. આ કાર્યક્રમમાં પૂર્વ અધ્યક્ષ લક્ષ્મીલાલજી બાફના, પારસજી સંચેતી, જયસિંહજી રાંકા, બસંતીલાલજી નાહર, પારસજી બાફના, ભવન પ્રભારી નિતિનજી બાફના, મહિલા મંડળ અધ્યક્ષા મહિમા ચોરડિયા, અણુવ્રત સમિતિ અધ્યક્ષ રતનજી ભલાવત, તેયુપ (તેરાપંથ યુવક પરિષદ) ઉધનાના અધ્યક્ષ કમલેશ બાફના, જૈન સંસ્કારક શ્રી અર્જુન મેડતવાલ વગેરેએ પોતાના વિચારો રજૂ કર્યા હતા.

### સાયન્સ સેન્ટર ખાતે મે મહિનામાં એસ્ટ્રો અને નાઈટ ફોટોગ્રાફી પ્રદર્શનનું આયોજન

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા આગામી મે મહિનામાં સાયન્સ સેન્ટર સ્થિત આર્ટ ગેલેરીના પ્રથમ માળે એક વિશેષ 'એસ્ટ્રો/નાઇટ ફોટોગ્રાફી' પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આકાશગંગા (Milky Way), સૂર્યમંડળના સભ્યો જેવા કે સૂર્ય, ચંદ્ર, વિવિધ ગ્રહો અને ધૂમકેતુઓ ઉપરાંત તારાઓથી મઢેલું આકાશ અને સ્ટારટ્રેલ જેવા વિષયો પર આધારિત ફોટોગ્રાફ્સ પ્રદર્શિત કરવામાં આવશે.આ પ્રદર્શનમાં ભાગ લેવા ઈચ્છતા ફોટોગ્રાફરો માટે રજિસ્ટ્રેશન પ્રક્રિયા તા.25 માર્ચથી શરૂ થશે. રજિસ્ટ્રેશન ફોર્મ સુરત મહાનગરપાલિકાની વેબસાઇટ www.suratmunicipal.gov.in પરથી તા.24-04 સુધી ડાઉનલોડ કરી શકાશે. નિયત નમૂનામાં ફોર્મ ભરીને ફોટોગ્રાફ્સ સાથે સાયન્સ સેન્ટર સુરત ખાતે તા.24-4-26ના દિવસે સાંજે 4 વાગ્યા સુધીમાં જમા કરાવવાના રહેશે.

### સમર્પણ નાગરિક વરિષ્ઠ પરિવારમાં સભ્યો દ્વારા કાર્યક્રમ યોજાયો



સુરતઃ રાંદેર રોડ સ્થિત સમર્પણ નાગરિક વરિષ્ઠ પરિવારની સભામાં ફક્ત સભ્યો દ્વારા જ ગીત સંગીતના કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત મંત્રી વર્ષાબેન ચોખા વાળાએ માતાજીને સ્તુતિ કરી, સભ્ય ભરતભાઈ શાહએ શંખ ધ્વનિ અને આખા કાર્યક્રમની ફોટોગ્રાફી વિડીયોગ્રાફીની સેવા આપી, ભક્તિ ગીત પરેશ ભાટિયા એ રજૂ કર્યું, સ્વાગત પ્રવચન પ્રમુખ નિરંજનભાઇ પારેખે કર્યું. પંકજભાઈ માંજરાવાળાએ સભ્યો પાસે હવા પાણી અને ખોરાકનો બગાડ ન કરવાની પ્રતિજ્ઞા લેવડાવી. જે સભાસદોની માર્ચ મહિનામાં વર્ષગાંઠ આવતી હતી તેઓને ભેટ આપી સન્માનવામાં આવ્યા. કાર્યક્રમના અંતે નરેશભાઈ મહેતાએ આભાર વિધિ કરી કાર્યક્રમનું સમાપન જાહેર કર્યું હતું.

# 'તુમ રક્ષક કાહુકો ડરના', આજે હનુમાન જન્મોત્સવ

**શહેરમાં** આવેલા હનુમાનજીનાં મંદિરોમાં અનેક કાર્યક્રમોનાં આયોજનો

**ભવ્ય** શોભાયાત્રા નીકળશે, હજારો ભક્તો પણ જોડાશે

સુરતઃ સુરત શહેર હંમેશા ઉત્સવપ્રિય સ્વભાવ માટે જાણીતું છે, અને જ્યારે વાત 'સંકટમોચન' હનુમાનજીના જન્મોત્સવની હોય, ત્યારે શહેરનો ઉત્સાહ બેવડાઈ જાય છે. આવતી કાલે એટલે ૨ **એપ્રિલના**રોજ હનુમાન જયંતી નિમિત્તે ડાયમંડ સિટી સુરત સંપૂર્ણપણે ભક્તિમય અને કેસરીયા રંગે રંગાવા માટે તૈયાર છે. શહેરના ખૂણે-ખૂણે આવેલા નાના-મોટા તમામ હનુમાન મંદિરોમાં દાદાના જન્મોત્સવને વધાવવા માટે અત્યારથી જ તડામાર તૈયારીઓ તેજ કરી દેવામાં આવી છે.



ગગનભેદી નારા સાથે નીકળનારી આ રેલીઓ આકર્ષણનું કેન્દ્ર બનશે. ખાસ કરીને કોટ વિસ્તાર અને વરાછા રોડ પર ભવ્ય કેસરીયા ધ્વજાઓ સાથે નીકળનારી યાત્રામાં હજારોની સંખ્યામાં ભક્તો જોડાશે. રસ્તામાં ઠેર-ઠેર શરબત અને પ્રસાદીના સ્ટોલ પણ ભક્તો દ્વારા ઉભા કરવામાં આવશે.

### ઉધના સત્યનગર ખાતે તપ્તેશ્વર યુવક મંડળ દ્વારા હનુમાન જયંતીની ઉજવણી

તપ્તેશ્વર યુવક મંડળ દ્વારા હનુમાન જયંતિ નિમિત્તે તારીખ ૦૨/૦૪/૨૦૨૬ ગુરૂવારના રોજ સાંજે ૫:૦૦ થી સાંજે ૭:૦૦ કલાક સુધી રક્તદાન શિબિર અને સાંજે ૭:૦૦ થી ૧૧:૦૦ જાહેર ભંડારાનું સત્યનગર, ઉધના ખાતે આવેલા પવિત્ર તપ્તેશ્વર હનુમાન મંદિરમાં આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ઉધના અને સુરત શહેરના સામાજિક અને રાજકીય આગેવાનો ખાસ ઉપસ્થિત રહેશે. જાહેર જનતાને રક્તદાન શિબિર તથા ભંડારાનો લાભ લેવા ખાસ આમંત્રણ પાઠવવામાં આવ્યુ છે.

### અહીં 'દાદા'નો અભિષેક ખુદ તાપી માતા કરે છે

જય શ્રી રામમા જયઘોષ સાથે જ તેમના પરમ ભક્ત હનુમાન દાદાની આજે ચૈત્ર સુદ પૂનમે જન્મોત્સવની સમગ્ર દેશમાં ઉજવણી થશે. સુરત શહેરમાં પણ અનેક હનુમાન દાદાના મંદિરો આવ્યા છે ત્યાં સુરતનાં તાપી કિનારે પ્રાચીન અને આસ્થાનું કેન્દ્ર પાતાળી હનુમાન મંદિર વર્ષોથી સુરતની આસ્થાનું કેન્દ્ર રહ્યું છે. તાપી નદી તટે આવેલું આ પ્રાચીન મંદિર તાપી પૂરનું સાક્ષી રહ્યું છે. પૂરના ઘસમસતાં પાણી હંમેશાં વિનાશ વેરતું હોય છે. પરંતુ ભયંકર પૂરની થાપટો પણ વિશ્વાસનાં આસ્થા સમાન પાતાળી હનુમાનને નુકસાન પહોંચાડી શક્યું ન હતું. ચોમાસાની ઋતુમાં મંદિરનાં ગર્ભગૃહ સુધી તાપી નદીનું પાણી હનુમાન દાદાનાં ચરણ સ્પર્શ કરી પરત ફરી જાય છે. એટલે કે હનુમાનજીનું અભિષેક તાપી માતા જાતે કરે છે. આજે પાતાળી હનુમાન મંદિરે જન્મોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે. પવિત્ર યજ્ઞ-હવન પ્રારંભ સાથે શ્રી પાતાલી હનુમાનજી દાદાની મહાઆરતી સાંજે ૬:૩૦ કલાક તથા મહાપ્રસાદ ભંડારો સાંજે ૭ થી ૧૦ કલાકે રાખવામાં આવ્યો છે. આ ધાર્મિક અનુષ્ઠાનમાં સુંદર કાંડ તેમજ અખંડ તેલ અભિષેક શ્રી હનુમાનજીને અર્પિત થશે.

### શ્રી કૃષ્ણની પ્રિય કપિલા ગાયની મંદિરમાં થતી પૂજા

શ્રી કૃષ્ણ ભગવાનની પ્રિય કપિલા ગાયની પાતાળી હનુમાન મંદિરના પાંજરાપોળમાં પૂજા અને માવજત કરવામાં આવે છે. કપિલા ગાય એ હિન્દુ સંસ્કૃતિમાં અત્યંત પવિત્ર અને દુર્લભ ગણાય છે, જે સામાન્ય રીતે ઘેરા બદામી અથવા કાળા રંગની હોય છે. માન્યતા મુજબ, આ ગાય ઘરે રાખવાથી ઘરમાં ધન, શાંતિ, સુખ અને કીર્તિની પ્રાપ્તિ થાય છે. કપિલા ગાયની પ્રદક્ષિણા ફરવી એ પુથ્વીની પ્રદક્ષિણા જેટલી ફળદાયી સમાન છે.

### સગરામપુરા મેઈન રોડ ભવ્ય ઉજવણી

સગરામપુરા મેઈન રોડ પર સ્થિત સુપ્રસિદ્ધ રણછોડજી મહારાજ મંદિર અને જગતજીત હનુમાનજી મંદિર ખાતે આવતીકાલે તા. ૦૨-૦૪-૨૦૨૬ને ગુરુવારના રોજ દાદાના જન્મોત્સવની ધૂમધામથી ઉજવણી કરવામાં આવશે. સાંજે ૭:૦૦ કલાકે ભવ્ય ભંડારાનું આયોજન કરવામાં આવ્યું છે.

### પાંડેસરા હાઉસિંગમાં રોકડિયા હનુમાનજીની ધૂમ જામશે

પાંડેસરા હાઉસિંગ બોર્ડ વિસ્તારમાં પ્રખ્યાત રોકડિયા હનુમાનજી મંદિરે દિવસભર યજ્ઞ ઉપરાંત સાંજે ભાવિકો માટે પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. સાથે સાથે ભક્તિ સંગીતનું પણ આયોજન કરાયું છે.